## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી

* **15/4/439**: શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષવાર, જિલ્લાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી, | (૧) | મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે. |
| (૨) | ઉક્ત જિલ્લાવાર ફાળવેલ નાણામાંથી ઉક્ત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉભી થઇ, | (૨) | જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે તે પૈકી ઉક્ત જિલ્લાવાર નાણાંકીય વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઉભી થઇ. |

| ક્રમ | જિલ્લો | ઉભી થયેલ માનવદિન રોજગારી | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૨૨-૨૩ | વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ અંતિત) |
| ૧ | અરવલ્લી | ૨૩૭૮૯૯૧ | ૨૨૩૬૭૨૧ |
| ૨ | સાબરકાંઠા | ૧૬૦૮૬૬૫ | ૧૫૯૯૨૨૪ |

**નોંધ :- મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.**

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત સ્થિતિએ એક માનવદિનની રોજગારીના દર શું નક્કી કરવામાં આવેલ છે, અને | (૩) | રૂ.૨૫૬/- |
| (૪) | ઉક્ત દર ક્યારથી અમલમાં છે? | (૪) | તા.૦૧/૦૪/૨૦૨૩ થી |